# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ००૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તા: ૧૮/૪/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ફેમિલી, બિઝનેસ અને ગવર્નન્સ આ ત્રણેય આસ્પેક્ટ્સ ઠીક હશે તો પેઢી દર પેઢી ફેમિલી બિઝનેસને ટકાવી રાખવાનું શકય બનશે

## ચેમ્બર દ્વારા 'રાઇઝ એન્ડ ફોલ ઓફ ફેમિલી બિઝનેસ' વિશે વેબીનાર યોજાયો

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગઇકાલે સાંજે ૫:૦૦ કલાકે 'રાઇઝ એન્ડ ફોલ ઓફ ફેમિલી બિઝનેસ' વિષય ઉપર વિડિયો કોન્ફરન્સ (વેબીનાર)નું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે રાજકોટની સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના શ્રીમતી આર.ડી. ગારડી ડિપાર્ટમેન્ટ ઓફ બિઝનેસ મેનેજમેન્ટના પ્રોફેસર ડો. હિતેશ શુકલાએ વડીલો દ્વારા શરૂ કરવામાં આવેલા ફેમિલિ બિઝનેસને પેઢી દર પેઢી સાચવવા અને તેને વધુ વિકસાવવા માટે રાખવામાં આવતી જરૂરી તકેદારી વિશે મહત્વનું માર્ગદર્શન આપ્યુ હતુ. ફેમિલી બિઝનેસમાં જો ફેમિલી, બિઝનેસ અને ગવર્નન્સ આ ત્રણેય આસ્પેકટ્સ ઠીક હશે તો પેઢી દર પેઢી ફેમિલી બિઝનેસને ટકાવી રાખવાનું શકય બને છે તેમ તેમણે જણાવ્યુ હતુ.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી ધીરેન થરનારીએ જણાવ્યુ હતુ કે, કોરોનાને કારણે લોકડાઉન અને હવે કર્ફ્યૂમાં આપણે ઘરોમાં પુરાઇ ગયા છે ત્યારે લોકોને ઘરે બેસીને જીવનમાં ઉપયોગી થાય એવી માહિતી તેઓના સુધી પહોંચાડવા માટે ચેમ્બર દ્વારા વેબીનારો યોજીને નિષ્ણાંતોના સૂચનો મેળવવાનો પ્રયાસ કરવામાં આવી રહયો છે. અત્યારના સમયે મોટાભાગના ઉદ્યોગકારો પોતાના રનીંગ બિઝનેસને આગળ વધારવા માટે વિચારતા હશે એટલે આજના વેબીનારમાં આ અંગે તેઓને મહત્વનું માર્ગદર્શન મળી રહેશે.

પ્રોફેસર હિતેશ શુકલાએ રાઇઝ એન્ડ ફોલ ઓફ ફેમિલી બિઝનેસ વિશે માહિતી આપી હતી. તેમણે જણાવ્યુ હતુ કે, એક વ્યકિતએ શરૂ કરેલા બિઝનેસને એના પુત્રો આગળ કઇ રીતે લઇ જાય છે તે સુરતીઓને ખૂબ જ સારી રીતે આવડે છે. પરંતુ મોટાભાગે એવા જોવા મળ્યું છે કે એકમાંથી બીજી અને બીજીમાંથી ત્રીજી પેઢી સુધી જયારે ફેમિલિ બિઝનેસ જાય છે ત્યારે બિઝનેસના પેરામીટર્સ બદલાઇ જાય છે અને મોટાભાગે બિઝનેસ અટવાઇ જાય છે. એના માટે એવા તારણો સામે આવ્યા છે ત્રીજી પેઢીમાં બિઝનેસ ગયા બાદ લોકો માત્ર બિઝનેસને ઘ્યાનમાં રાખે છે અને પોતાના પરિવારને ભૂલી જાય છે. તેઓ બિઝનેસમાં ઘણા આગળ ગયા છે પણ પરિવારને સમય આપવાનું ચૂકી ગયા છે. આથી દુનિયાના માત્ર ત્રણ ટકા બિઝનેસ ચોથી પેઢીમાં જઇ રહયાં છે. ભારતમાં ૭ર પબ્લીક લિમિટેડ ફર્મ એવી છે કે જેણે પોતાની બિઝનેસ લાઇફના ૧૦૦ વર્ષ પુરા કર્યા છે.

જાપાનમાં વર્ષ ૧૪૫૦માં એક બિઝનેસની સ્થાપના થઇ હતી અને આજે ૪૭મી પેઢી દ્વારા આ બિઝનેસ ચલાવવામાં આવી રહયો છે. તેમણે ભારતીય સફળ કંપનીઓ જેવી કે વાડીયા, ગોદરેજ, ટાટા અને મુરૂગપ્પા કંપનીના પણ ઉદાહરણ આપ્યા હતા. તેમણે કહયુ હતુ કે દક્ષિણ ભારતની મુરૂગપ્પા કંપનીએ આઝાદી પહેલા બિઝનેસ શરૂ કર્યો હતો. સમાજના લોકોને કેવી રીતે મદદરૂપ થઇ શકાય તેના માટે આ બિઝનેસની શરૂઆત કરવામાં આવી હતી. આમાં ગામોના છેવાડાના લોકોને પણ જોડવામાં આવ્યા હતા.

બિઝનેસમાં બે પેઢીથી આગળ જઇએ ત્યારે એકસંપ થઇને કામ કરી શકતા નથી અને એકસાથે રહી શકતા નથી. વડીલોએ પહેલા બિઝનેસ શરૂ કરેલો હોય છે એમણે ઘણી મહેનત કરીને બિઝનેસને આગળ લાવેલો હોય છે. બાપુજી પછી મોટાભાગે મોટાભાઇને બિઝનેસ સોંપવામાં આવે છે. પરંતુ મોટોભાઇ જો બિઝનેસ ચલાવવા જશે ત્યારે બાકીના ભાઇઓ તેની સાથે રહેતા નથી. આથી બધા લોકો વચ્ચે ફેમિલી વિઝન હોવું જોઇએ. ફેમિલીના નિર્ણયમાં જે રીતે બધાના સૂચનો મેળવવામાં આવે છે એવી જ રીતે બિઝનેસ આસ્પેકટ્સ માટે પણ બધાના સૂચનો લેવા જોઇએ. ત્યારબાદ બિઝનેસમાં વિશ્વાસની બાબત સામે આવે છે. આમાં બધાના રસને ઘ્યાનમાં રાખીને બિઝનેસ કરવાનો હોય છે. એના માટે ફેમિલી આસ્પેકટ્સ અને બિઝનેસ આસ્પેકટ્સ એ બંને બાબતોને ઘ્યાનમાં રાખીને આગળ વધવાનું હોય છે.

ફેમિલી બિઝનેસના લીડરને બધાના ઇન્ટરેસ્ટને સમજવા પડે છે. બધાને ઘ્યાનમાં રાખીને નિર્ણયો લેવાના હોય છે. બિઝનેસ લીડરે બિઝનેસની જરૂરિયાત અને ફેમિલીની અપેક્ષાઓને બેલેન્સ કરવાની હોય છે. બિઝનેસની જરૂરિયાતોથી પરિવારના લોકોને રોજેરોજ વાકેફ કરવા પડે છે. એના માટે લીડરે પરિવારના લોકોના પ્રશ્નોને સાંભળવા પડે છે. ફેમિલી, સ્ટેકહોલ્ડર્સ અને ગ્રાહકો બધાની સાથે કોમ્યુનિકેશનમાં રહેવુ પડે છે.

પરિવારના દરેક વ્યકિતને ફેમિલી બિઝનેસમાં આવવા માટેનો જન્મસિદ્ધ અધિકાર નથી. જે લાયક છે તેને જ બિઝનેસમાં લાવવો જોઇએ. તમારા બાળકોને નાનપણથી બિઝનેસમાં લાવવું જોઇએ. તમે ઓફિસમાં કેવા પ્રકારનું કામ કરો છો ત્યારે તેઓ તમારા સ્ટેપ્સને ફોલો કરશે. ઓનર છો એના પહેલા તમે મેનેજર અને ઓપરેટર છો એવી રીતે કંપનીના કર્મચારીઓ સાથે વર્તન કરવુ જોઇએ. કયારેક એવું બનતુ હોય કે પરિવારના બિઝનેસને વ્યવસ્થિત રીતે પરિવારમાંથી કોઇ સંભાળી શકતુ ન હોય તો નોન ફેમિલી એકઝીકયુટીવ્સને પણ રાખવા પડે છે.

ફેમિલિ બિઝનેસમાં કોમન પર્પઝ ડેવલપ કરવાનો હોય છે, જે ફેમિલી અને બિઝનેસ બંનેના હેતુને સાધ્ય કરી શકે છે. આના માટે લોન્ગ ટર્મ આવનારી પેઢી માટે ફોકસ કરવાનો હોય છે. બિઝનેસમાં આપણે ભલે વૈશ્વિક સ્તરે

વિચારીએ પણ આપણું વર્તન સ્થાનિકીય હોવુ જોઇએ. લોકોની સાથે તેમની વચ્ચે રહેવા માટે આપણે લોકોની જેમ જ રહેવું પડશે.

તેમણે લીડરશિપ અને ઓનરશિપ વિશે પણ માહિતી આપી હતી. તેમણે કહયુ હતુ કે, બિઝનેસમાં પરિવારમાંથી જ એક સલાહકાર હોવો જોઇએ. જયારે બિઝનેસ ડાઉન થતો જાય છે ત્યારે પરિવારે પોતાની લાઇફસ્ટાઇલને બદલવી જોઇએ. ખર્ચાઓ ઉપર કાપ મુકીને બિઝનેસને ફરીથી ઉંચાઇએ લઇ જવા માટે એકસાથે મળીને પ્રયાસ કરવો જોઇએ. પૈસા જયાં સુધી ભગવાન છે ત્યાં સુધી કશું જ નહીં થાય પણ જયારે પરિવાર ભગવાન બનશે ત્યારે બિઝનેસ પણ ઉંચાઇએ જશે અને પરિવાર પણ સારી રીતે સચવાઇ જશે. તેમણે પરિવારના પેરામીટર્સ વિશે માહિતી આપી હતી. તમે શું કામ કર્યુ અને બિઝનેસમાં શું કન્ટ્રીબ્યુટ કરો છો તેની ચર્ચા થવી જોઇએ.

ફેમિલિ બિઝનેસમાં બીજી પેઢીને લાવતા પહેલાં તેઓનો ઇન્ટરેસ્ટ અને કાબેલિયત તપાસવી જોઇએ. ભલે એ વિદેશથી ઉચ્ચું શિક્ષણ લઇને આવ્યો હોય પણ બિઝનેસની બાગડૌર તેના હાથમાં આપતા પહેલા તમારી જ કંપનીમાં સિનિયર કર્મચારીના હાથ નીચે તેને તૈયાર કરો. ફેમિલિ બિઝનેસમાં સામાન્યપણે પહેલી પેઢી ધંધો બનાવે છે, બીજી પેઢી ધંધાને સાચવે છે તથા ત્રીજી કે ચોથી પેઢી જયાં હતા ત્યાં જ ધંધાને લઇ આવે છે. પરિવારમાં લીડ કરતા મુખ્ય સભ્યો જયારે ફેમિલિ અને બિઝનેસને નહીં સમજી શકે ત્યારે મુશ્કેલી થાય છે. આથી પાંચમી પેઢી સુધી માત્ર એક ટકા જ કંપની પહોંચી શકી હતી. ફેમિલી, બિઝનેસ અને ગવર્નન્સ આ ત્રણેય આસ્પેકટ્સ ઠીક હશે તો પેઢી દર પેઢી બિઝનેસને ટકાવી રાખવાનું શકય બનશે.

તેમણે ફેમિલી ઓફિસના કોન્સેપ્ટ વિશે જણાવ્યુ હતુ કે, બિઝનેસથી ઉભી થતી આવકમાંથી પર્સનલ એસેટ્સ ક્રિએટ કરી શકાય છે. બિઝનેસ એસેટથી તેને સેપરેટ રાખીને મેનેજ કરવાનું હોય છે. જેથી પરિવારના દરેક સભ્યોની આર્થિક જવાબદારી નિભાવી શકાય છે.

વેબીનારમાં ઓરો યુનિવર્સિટીના એસોસિએટ પ્રોફેસર ડો. તનુ નારંગે પણ ફેમિલી બિઝનેસ માટેની અગત્યની બાબતો વિશે ચર્ચા કરી હતી. ચેમ્બરના ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલ અને ચેમ્બરની સ્ટાર્ટઅપ પ્રમોશન કમિટીના ચેરમેન શ્રી સંજય પંજાબીએ પ્રાસંગિક વિધી કરી હતી. અંતે ચેમ્બરના ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના કન્વીનર શ્રી બિજલ જરીવાલાએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ વેબીનારનું સમાપન થયુ હતુ.